**અમદાવાદના મહે.ત્રીજા અધિક સીવીલ જજ તથા જે.એમ.એફ.સી.ની કોર્ટમાં, અમદાવાદ(ગ્રામ્ય),**

**ફોજદારી કેસ નં.૧૦૭૬૯/૨૦૨૨**

**આંક–**

ફરિયાદઃ– શ્રી સરકાર

**વિરૂધ્ધ**

આરોપીઃ– જાવેદ બાબુભાઈ શેખ

બાબતઃ– ગુજરાત નશાબંધી અધિનિયમની ની કલમ–૬૬(૧)બી મુજબ

---

**//ચુકાદો//**

(૧) ફરિયાદ પક્ષના કેસની ટૂંકમાં હકીકત એવી છે કે, આરોપી સામે ગુજરાત નશાબંધી અધિનિયમની ની કલમ–૬૬(૧)બી મુજબ મુજબના શિક્ષાને પાત્ર ગુના અંગે ઈન્સાફી કાર્યવાહી કરવા માટે પોલીસ ચાર્જશીટ કોર્ટ સમક્ષ રજુ કરવામાં આવેલ છે અને ચાર્જશીટને ફોજદારી કેસ નંબર આપવામાં આવેલ.

(૨) આરોપીને સમન્સ કરતા કોર્ટ રૂબરૂ હાજર થતા તેઓને પોલીસ પેપર્સની નકલો મફત આપવાની ખાત્રી કરેલ છે. આરોપીની પ્લી રેકર્ડ કરતા ગુના કબુલાલ અંગે પુછતા તેઓ ગુનાની કબુલાત કરતા હોઈ તેઓની ગુનાની કબુલાત પુરસીસ રેકર્ડ કરી અને તેમાં તેઓએ જણાવેલ છે કે, તેઓને ગુનો સ્વૈચ્છાએ કબુલ કરે છે. તેઓનો આ પ્રથમ ગુનો છે અને તેઓ કોઈ પણ જાતની ધાક ધમકી કે દબાણ વગર ગુનો કબુલ કરે છે અને તેને ઓછી સજા કરવા તથા દયા રાખવા વિનંતી કરી છે. આ કામે આરોપી ખરેખર પોતાની સ્વૈચ્છાએ ગુનો કબુલ કરતો હોવાની ખાત્રી કરવામાં આવેલ છે. આરોપીની કબુલાત કરતા હોય અને આરોપીના ઉપરોક્ત સંજોગો જોતાં દોષિત ઠરાવી અને આરોપી દંડની સજા કરવી વ્યાજબી જણાતી હોય ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરૂ છું.

**//હુ ક મ//**

(૧)આરોપીને ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ–૨૫૨ અન્વયે ગુજરાત નશાબંધી અધિનિયમની ની કલમ–૬૬(૧)બી અન્વયેના ગુના સબબ તકસીરવાન ઠરાવી આરોપીને રૂ.૧૦૦/–(શબ્દોમાં અંકે સો રૂપિયા પુરા)નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે જો દંડ ન ભરે તો દિન–૧૦ની સાદી કેદની સજાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તારીખ ૧૧મી, માહે ફ્રેબુઆરી, સને ૨૦૨૩ ના રોજ મેજીસ્ટ્રેટની ખાસ સીટીંગમાં જાહેર કર્યો.

તા.૧૧/૦૨/૨૦૨૩
સ્થળઃઅમદાવાદ.

**( એમ.એસ.અમલાણી)**
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
અમદાવાદ(ગ્રામ્ય)
યુઆઈસી નં.જીજે–૦૧૩૮૮